**GUJARAT BILL NO. 15 OF 2019.**

# THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) BILL, 2019.

***A BILL***

***further to amend the Gujarat Co-operative Societies Act, 1961.***

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.**

## ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૯.

*ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** આ અધિનિયમ ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦મો.** **૨.** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧માં, કલમ ૭૪-ગમાં, પેટા-કલમ (૧)માં, ખંડ (૫) કમી કરવો. **સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૭૪-ગ-નો સુધારો.**

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૭૪-ગ-માં દર્શાવ્યા પ્રમાણે, તમામ મંડળીઓની સમિતિઓના સભ્યોની ચૂંટણી અને સમિતિઓ દ્વારા અધિકારીઓની ચૂંટણી, સદરહુ અધિનિયમના પ્રકરણ ૧૧ ક-ની જોગવાઈઓને અધીન રહીને યોજવામાં આવે છે.

સદરહુ અધિનિયમની કલમ ૧૪૫-ઘ પ્રમાણે, સહકારી ખાંડ કારખાનાની ચૂંટણીઓ, સંબંધિત જિલ્લાઓના કલેક્ટર દ્વારા યોજવામાં આવે છે અને આ હેતુ માટે, અમુક ચૂંટણી અધિકારીઓ અને અન્ય અધિકારીઓની પણ કલેક્ટર દ્વારા નિમણૂક કરવામાં આવે છે. સમય જતાં, કાયદાના અમલીકરણ અને વહીવટ માટે, કલેકટર એ સરકાર અને લોકો વચ્ચેની મહત્વની કડીરૂપ (વ્યક્તિ) હોવાથી, તેમના કાર્યભારમાં એકધારો વધારો થતો રહ્યો છે અને આ સંજોગોમાં, આવા સહકારી ખાંડ કારખાનાઓની ચૂંટણી માટેની તમામ કાર્યરીતિ નિયત સમયમાં પૂર્ણ કરવા, તે (કલેક્ટર) અસમર્થ રહે છે. ઉપરાંત, સદરહુ અધિનિયમની કલમ ૧૪૫-ચ-ની જોગવાઈઓ પ્રમાણે, ચૂંટણીના સંબંધમાં, સત્તા વાપરવા અને ફરજો બજાવવા માટે નીમેલી વ્યક્તિઓને મુસાફરી ભથ્થાં, દૈનિક ભથ્થાં અને અન્ય મહેનતાણાં, કોઈ હોય, તો તે ચૂકવવા સહિતનું આવી ચૂંટણી યોજવા અંગેનું ખર્ચ સહકારી ખાંડ કારખાના દ્વારા ભોગવવામાં આવે છે, જેની પ્રતિકૂળ અસર આવી મંડળીઓના સભ્યોને થાય છે.

આથી, તમામ સહકારી ખાંડ કારખાનાને, કલમ ૭૪-ગ-ની જોગવાઈઓના કાર્યક્ષેત્રમાંથી બહાર લાવવાનું જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૨-થી તે અંગેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સન ૧૯૬૧નો સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ઈશ્વરસિંહ પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધયેકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીની જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૮મી જુલાઈ, ૨૦૧૯. **ઈશ્વરસિંહ પટેલ.**

## પુરવણી

## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦-મા)માંથી ઉતારા.

---

**૭૪-ગ** (૧) નીચે જણાવેલ વર્ગની મંડળીઓની સમિતિઓના સભ્યોની ચૂંટણી અને એવી સમિતિઓ દ્વારા અધિકારીઓની ચૂંટણી પ્રકરણ ૧૧-કની જોગવાઇઓને અધીન રહેશે અને તે પ્રકરણથી અથવા તે હેઠળ નિર્દિષ્ટ કરેલ રીતે તેનું સંચાલન કરવું જોઇશે:-

**કેટલીક મંડળીઓની સમિતિઓ અને અધિકારીઓની ચૂંટણીનું સંચાલન કરવા માટેની જોગવાઇ અને એવી સમિતિઓના સભ્યોના હોદ્દાની મુદત.**

(૧) થી (૪) XXX XXX XXX

(૫) તમામ સહકારી ખાંડ કારખાના;

(૬) થી (૭) XXX XXX XXX

(૨) થી (૪) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.]

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઈશ્વરસિંહ પટેલ,

રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના જુલાઇ મહિનાની ૧૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 15 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Co-operative Societies (Amendment) Act, 2019. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

Amendment of section 74C of Guj. X of 1962.

**2.** In the Gujarat Co-operative Societies Act, 1961, in section 74C, in sub-section (1), *clause* (*v*) shall be deleted. Guj. X of 1962.

## STATEMENT OF OBJECTS AND REASONS

The elections of the members of the committees and of the officers by the committees, of all the societies as mentioned in section 74C of the Gujarat Co-operative Societies Act, 1961 are held subject to the provisions of Chapter XI-A of the said Act.

As per section 145D of the said Act, the elections of the co-operative sugar factories are held by the Collector of the respective districts and for this purpose, certain returning officers and other officers are also appointed by the Collector. With the passage of time, the work load of the Collector has been consistently increased as the Collector is an important link between the Government and the people for implementation and administration of law and in these circumstances, he is unable to complete all the procedure for elections of such co-operative sugar factories within stipulated time. Moreover, as per the provisions of section 145E of the said Act, the expenses of the holding of such election, including the payment of travelling allowances, daily allowances and other remuneration, if any, to the persons appointed to exercise the powers and perform the duties in respect of the election, are to be borne by the co-operative sugar factories which may adversely affected to the members of such societies.

It is, therefore, considered necessary to bring, all the co-operative sugar factories, outside the purview of the provisions of section 74C. *Clause* 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act of 1961 to achieve the aforesaid objects.

**ISHWARSINH PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respects:--

***Clause 1.***— Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the $18^{th}$ July, 2019. **ISHWARSINH PATEL.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.

## (Guj. X OF 1962)

**Provision for conduct of elections committees and officers of certain societies and term of office of members of committees.**

**74C.** (1) The election of the members of the committees and of the officers by the committee, of the societies of the categories mentioned below shall be subject to the provisions of Chapter XI- A and shall be conducted in the manner laid down by or under that Chapter:-

(i) to (iv) XXX XXX XXX

(v) all Co-operative Sugar Factories;

(vi) to (vii) XXX XXX XXX

(2) to (4) XXX XXX XXX

GUJARAT LEGISLATURE SECRETARIAT

**GUJARAT BILL NO. 15 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

**[SHRI ISHWARSINH PATEL,
MINISTER OF STATE FOR CO-OPERATION]**

**(As published in the Gujarat Government Gazette of 18th July, 2019)**

**D.M.PATEL**

**Secretary,**

**Gujarat Legislative Assembly.**

-------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.